GJJM020004062011

| | | |
|---|---|---|
| રજુ તારીખ | : | ૧૧–૧૦–૨૦૧૧ |
| દાખલ તારીખ | : | ૧૧–૧૦–૨૦૧૧ |
| નિકાલ તારીખ | : | ૨૮–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૧૪ ૦૬ ૧૭ |

## મે. જામનગરના બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં

**એલ.એ.આર. નં. ૪૦/૨૦૧૧**

**આંક–**

**અરજદાર:** **પ્રભુલાલ હંસરાજ**
રહે. મોટી બાણુગર,
તા.જી.જામનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **૧. ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી,**
**નાયબ કલેકટરશ્રી,**
જામનગર, તા.જી.જામનગર

**૨. કાર્યપાલક ઇજનેરશ્રી,**
**માર્ગ અને મકાન વિભાગ (રાજય),**
જામનગર, તા.જી.જામનગર.

**વિષય :** **જમીન સંપાદન ધારાની કલમ–૧૮ મુજબ રેફરન્સ અરજી.**

| | | |
|---|---|---|
| અરજદાર તર્ફે | : | વિ.વકીલશ્રી આર.જે. ત્રીવેદી |
| સામાવાળા તર્ફે | : | વિ.એજીપીશ્રી એચ.ડી. મહેતા |

## : ચુ કા દો :

૧. અરજદારએ હાલની અરજી જમીન સંપાદન ધારાની કલમ–૧૮ મુજબ વધુ વળતર મેળવવા માટે દાખલ કરેલી છે.

૨. અરજીની હકીકત એવી છે કે, અરજદારની માલીકીની મોજે મોટી બાણુગર, તા.જી.જામનગર રે.સ.નં. ૫૧૨/૪/૨ હે.૦૦-૧૧-૨૨ વાળી જમીન રાજકોટ-જામનગર-વાડીનાર ફોરટ્રેક રોડના જાહેર હેતુ માટે સંપાદન કરવામાં આવેલી છે અને ખાસ જમીન સંપાદન અધિકારી એ તા.૨૪-૦૯-૨૦૦૯ ના રોજ એવોર્ડ આપી અરજદારોને રૂ.૧૦.૦૦/- પ્રતિ ચોરસ મીટર પ્રમાણે વળતર ચુકવી આપવાનો હુકમ કરેલો છે. અરજદારએ વળતરની રકમ વાંધા સાથે સ્વીકારેલી છે.

3. અરજદારે તેઓની સંપાદીત જમીન અંગે ખાસ જમીન અધિકારી એ ઓછુ વળતર ચુકવતા રેફરન્સ અરજી દાખલ કરેલી હતી અને પોતાની સંપાદીત જમીન અંગે રૂ.૫,૦૦૦/- પ્રતિ ચોરસ મીટર પ્રમાણે વળતરની માંગણી કરેલી હતી. ખાસ જમીન સંપાદન અધિકારીએ જે એવોર્ડ જાહેર કરેલો હતો તે વિરૂધ્ધ અરજદારોએ રેફરન્સ કોર્ટમાં રેફરન્સ અરજીઓ દાખલ કરેલી હતી. જેના એલ.એ.આર. નં. ૩૯/૨૦૧૧ થી ૪૧/૨૦૧૧ પડેલા હતા અને તે તમામ અરજીઓ રેફરન્સ કોર્ટે તા.૨૮-૦૩-૨૦૧૮ ના રોજ હુકમ કરી નામંજુર કરેલી હતી.

૪. અરજદારે રેફરન્સ કોર્ટ દ્ધારા તા.૨૮-૦૩-૨૦૧૮ ના રોજ જાહેર કરેલ ચુકાદા વિરૂધ્ધ ના.ગુજરાત હાઇકોર્ટમાં **R/FIRST APEAL No. 1196/2026** દાખલ કરેલી હતી તે કામે ના. ગુજરાત હાઇકોર્ટે તા.૨૪-૦૩-૨૦૨૬ ના રોજ હુકમ કરી રેફરન્સ અરજી ફરીથી ચલાવવાનો આદેશ આ કોર્ટને કરેલો છે.

૫. ના. ગુજરાત હાઇકોર્ટે રેફરન્સ અરજી ફરીથી ચલાવવાનો હુકમ કરતા સામાવાળા તથા અરજદારને નોટીસ કરવામાં આવેલી છે જે બજી જતા તમામ પક્ષકારો તેઓના વિ.વકીલશ્રી મારફત હાજર થયેલા છે.

૬. આ કામે નોટીસ બજી જતા સામાવાળા તર્ફે વિ. એજીપીશ્રી હાજર થયેલા છે અને આંક-૧૧ થી પુરસીસ આપી એલ.એ.આર. નં. ૩૯/૨૦૧૧ અને નં. ૪૧/૨૦૧૧ ના કામે રેફરન્સ કોર્ટે જે હુકમ કરેલો છે તે સામે સરકારશ્રી ને કોઇ વાંધો કે તકરાર નથી તેથી પ્રસ્તૃત કેસમાં પણ તે મુજબ હુકમ કરવા જાહેર કરેલુ છે. અરજદાર તર્ફે વિ.વકીલશ્રી એ આંક-૧૩ થી પુરસીસ આપી એલ.એ.આર. નં. ૩૯/૨૦૧૧ અને ૪૧/૨૦૧૧ ના કામે

રેફરન્સ કોર્ટે જે હુકમ કરેલો છે તે મુજબ હુકમ કરવામાં આવે તો અરજદારને વાંધો નથી તેવુ જાહેર કરેલુ છે.

૭. મુખ્ય એલ.એ.આર. નં. ૩૯/૨૦૧૧ નો ચુકાદો વંચાણે લેતા તે કામે જે જમીનો સંપાદન કરવામાં આવેલી હતી તે અંગે પણ એલ.એ.કયુ. નં. ૩૭/૨૦૦૮ ચલાવવામાં આવેલો હતો અને ખાસ જમીન સંપાદન અધિકારી દ્વારા તા.૨૪-૦૯-૨૦૦૯ ના રોજ એવોર્ડ જાહેર કરવામાં આવેલો હતો. મુખ્ય એલ.એ.આર. નં. ૩૯/૨૦૧૧ ના કામે સંપાદીત કરવામાં આવેલી જમીનો તથા પ્રસ્તૃત કેસમાં સંપાદન કરવામાં આવેલ જમીન એક જ ગામની છે, એક જ હેતુ માટે સંપાદન કરવામાં આવેલી હતી અને તે અંગે ખાસ જમીન સંપાદન અધિકારી એ એક જ વળતર કેસ ચલાવેલો છે અને તેથી મુખ્ય એલ.એ.આર. નં. ૩૯/૨૦૧૧ ના કામે રેફરન્સ કોર્ટે જે ચુકાદો જાહેર કરેલો છે તે ચુકાદા મુજબ પ્રસ્તૃત કેસમાં પણ સંપાદીત જમીનની બજાર કિંમત નકકી કરવી ન્યાયોચિત જણાય છે.

૮. મુખ્ય એલ.એ.આર. નં. ૩૯/૨૦૧૧ ના કામે રેફરન્સ કોર્ટે સંપાદીત જમીનની બજાર કિંમત રૂા.૧૩૫.૦૦/- પ્રતિ ચોરસ મીટર ઠરાવેલી છે. આ કામે ખાસ જમીન અધિકારી એ સંપાદીત જમીનની જે બજાર કિંમત નકકી કરેલી છે તે વ્યાજબી ન હોવાથી અરજદાર સંપાદીત જમીન અંગે રૂા.૧૩૫.૦૦/- પ્રતિ ચોરસ મીટર પ્રમાણે વળતર મેળવવા માટે હકકદાર છે અને તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## : હુ ક મ:

- અરજદારની લેન્ડ રેફરન્સ અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

- સંપાદીત થયેલ જમીનની બજાર કિંમત રૂા.૧૩૫/- પ્રતિ ચો.મી. ઠરાવવામાં આવે છે. અરજદાર સંપાદીત થયેલ જમીન અંગે રૂા.૧૨૫/- પ્રતિ ચો.મી. પ્રમાણે વધારાનુ વળતર મેળવવા હકકદાર છે.

- અરજદાર જમીન સંપાદન ધારાની કલમ-૨૩(૧-એ) મુજબ કલમ-૪(૧) ના જાહેરનામાની તા.૦૨-૦૨-૨૦૦૯ થી એવોર્ડથી તા.૨૪-૦૯-૨૦૦૯ સુધી વાર્ષિક ૧૨% લેખે મંજુર થયેલ રકમ ઉપર ભાવ વધારો પણ મેળવવા હકકદાર છે.

- અરજદાર જમીન સંપાદન ધારાની કલમ–૨૩(એ) મુજબ સંપાદીત થયેલ જમીન ઉપર જે વધારાનુ વળતર મંજુર થયેલુ છે તે ઉપર ૩૦% સોલેશીયમ મેળવવા હકકદાર છે.

- અરજદાર મંજુર થયેલ વળતરની રકમ ઉપરાંત સોલેશીયમ તથા ભાવ વધારાની રકમ ઉપર કબજો લીધાની તારીખથી પ્રથમ વર્ષ માટે ૯% તેમજ ત્યાર પછીના દરેક વર્ષ માટે રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૧૫% પ્રમાણે વ્યાજ મેળવવા હકકદાર છે.

- અરજદારે ના. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ કરેલ ફર્સ્ટ અપીલ નં. ૧૧૯૬/૨૦૨૬ ના કામે તા.૨૪–૦૩–૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ હુકમ મુજબ અરજદાર મુદ્દા ઘડયાની તા.૨૩–૦૨–૨૦૧૭ થી ફર્સ્ટ અપીલ દાખલ કરવામાં આવી તે તારીખના સમયગાળા દરમ્યાનનુ, વધારાના વળતરની રકમ ઉપર વ્યાજ મેળવવા માટે હકકદાર નથી.

- અરજદારએ જરૂરી કોર્ટ ફી અંગે અંડર ટેકીંગ આપવુ.

- અરજદારની બાકીની દાદ નામંજુર કરવામાં આવે છે.

- આ સાથેના ગણતરી પત્રકને ચુકાદાનો એક ભાગ ગણવો.

- ચુકાદાની વિગતે ખર્ચ પત્રક (એવોર્ડ) દોરવો.

હુકમ આજરોજ તારીખ **૨૮** મી, માહે **એપ્રિલ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૮–૦૪–૨૦૨૬
જામનગર

**(ભદ્રેશકુમાર ગોવિંદભાઈ પટેલ)**
કોડ નં. જીજે ૦૦૬૫૮
બીજા એડીશનલ સિનીયર સીવીલ જજ,
જામનગર